# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોં સાથે ટેલિફોન પર વાતચીત કરી

2) સંસદમાં ઓનલાઈન ગેમિંગ પ્રમોશન અને રેગ્યુલેશન બિલ, ૨૦૨૫ પસાર.

3) ઈસરોના અધ્યક્ષ વી. નારાયણને કહ્યું 2015થી 2025 વચ્ચે પૂર્ણ થયેલા મિશન 2005થી 2015 સુધી થયેલા મિશન કરતા લગભગ બમણા છે

4) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને રશિયન વિદેશ મંત્રીએ આજે મોસ્કોમાં દ્વિપક્ષીય સંબંધોના સમગ્ર ક્ષેત્રની સમીક્ષા કરી

5) **કઝાખસ્તાનમાં એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભારતીય ખેલાડીઓએ સુવર્ણ ચંદ્રક જીત્યો**

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM-MACRON

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી.

પ્રધાનમંત્રી કાર્યાલયના એક નિવેદનમાં , બંને નેતાઓએ યુક્રેન અને પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં સંઘર્ષોના શાંતિપૂર્ણ ઉકેલ માટે ચાલી રહેલા પ્રયાસો પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. તેમાં કહેવામાં આવ્યું છે કે પ્રધાનમંત્રી મોદીએ સંઘર્ષોના શાંતિપૂર્ણ ઉકેલ અને શાંતિ અને સ્થિરતાની વહેલી પુનઃસ્થાપના માટે ભારતના સતત સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો.

તેમાં ઉમેર્યું હતું કે નેતાઓએ વેપાર , સંરક્ષણ, નાગરિક પરમાણુ સહયોગ , ટેકનોલોજી અને ઉર્જા સહિતના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ એજન્ડામાં પ્રગતિની પણ સમીક્ષા કરી હતી. તેમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે , રાષ્ટ્રપતિ મેક્રોને ભારત અને EU વચ્ચે મુક્ત વેપાર કરારના વહેલા નિષ્કર્ષ માટે પણ સમર્થન આપ્યું હતું

. . . . . .

# RS-ONLINE GAMING BILL

સંસદમાં આજે ઓનલાઈન ગેમિંગ પ્રમોશન અને રેગ્યુલેશન બિલ , ૨૦૨૫ પસાર થયું જેને રાજ્યસભા દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ બિલ ઈ-સ્પોર્ટ્સ અને ઓનલાઈન સોશિયલ ગેમ્સને પ્રોત્સાહન આપવા તેમજ તેનાથી સંબંધિત હાનિકારક ઓનલાઈન મની ગેમિંગ સેવાઓ , જાહેરાતો અને નાણાકીય વ્યવહારો પર પ્રતિબંધ મૂકવા વિશે છે. તે ક્ષેત્રના સંકલિત નીતિ સમર્થન , વ્યૂહાત્મક વિકાસ અને નિયમનકારી દેખરેખ માટે ઓનલાઈન ગેમિંગ ઓથોરિટીની નિમણૂકની જોગવાઈ કરે છે. આ બિલનો ઉદ્દેશ્ય યુવાનો અને નબળા વર્ગોને આવી રમતોના પ્રતિકૂળ સામાજિક, આર્થિક, માનસિક અને ગોપનીયતા-સંબંધિત પ્રભાવોથી બચાવવાનો છે.

આ બિલ ઓનલાઈન મની ગેમ્સ ઓફર કરવા , ચલાવવા અથવા સુવિધા આપવા પર સંપૂર્ણ પ્રતિબંધની જોગવાઈ કરે છે. ઓનલાઈન મની ગેમિંગ સંબંધિત કાયદાનું ઉલ્લંઘન ત્રણ વર્ષ સુધીની જેલ અને એક કરોડ રૂપિયા સુધીના દંડ અથવા બંનેની સજાને પાત્ર છે.

(બાઈટ -- અશ્વિની વૈષ્ણવ)

બિલ રજૂ કરતા , ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ઓનલાઈન મની ગેમિંગ સમાજ માટે ખતરો બની ગયું છે. તેમણે કહ્યું કે ઓનલાઈન મની ગેમિંગને કારણે ઘણા પરિવારોને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે.

. . . . .

# ISRO-SPACE SECTOR

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા-ઈસરોના અધ્યક્ષ વી. નારાયણને આજે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં કહ્યું કે 2015 થી 2025 વચ્ચે પૂર્ણ થયેલા મિશન 2005 થી 2015 વચ્ચે પૂર્ણ થયેલા મિશન કરતા લગભગ બમણા છે.

તેમણે કહ્યું કે એક્સિયમ ફોર મિશન એક પ્રતિષ્ઠિત મિશન છે કારણ કે શુભાંશુ શુક્લા આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર જનારા અને સલામત રીતે પરત ફરનારા પહેલા ભારતીય બન્યા છે.

તેમણે કહ્યું કે અવકાશ ઉદ્યોગમાં ત્રણસો સ્ટાર્ટઅપ્સ બનાવાયાં છે. આ પ્રસંગે વાયુસેનાના ગ્રુપ કેપ્ટન અને અવકાશયાત્રી શુભાંશુ શુક્લાએ એક્સિયમ મિશનને શક્ય બનાવવા બદલ કેન્દ્ર સરકાર અને ઇસરો ટીમનો આભાર માન્યો.

તેમણે કહ્યું કે આ મિશનમાંથી મેળવેલ જ્ઞાન ભારતના આગામી ગગનયાન મિશન અને ભારત સ્પેસ સ્ટેશનની સ્થાપના માટે મૂલ્યવાન સાબિત થશે. ગ્રુપ કેપ્ટન શુક્લાએ સ્વદેશી માનવ અવકાશ મિશનના સ્વપ્નને સાકાર કરવા માટે દેશની ક્ષમતાઓમાં સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો.

. . . . . . . . . .

# RAJNATH-SHUBHANSHU

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે નવી દિલ્હીમાં ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાને તેમની સિદ્ધિ બદલ અભિનંદન આપી તેમની આ યાત્રાને ભારતની માનવ અવકાશ યાત્રામાં મહત્વપૂર્ણ ગણાવી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં , સંરક્ષણ મંત્રીએ કહ્યું કે તેમણે ગ્રુપ કેપ્ટન શુક્લા સાથે અવકાશમાં તેમણે કરેલા મહત્વપૂર્ણ પ્રયોગો , વિજ્ઞાન અને ટેકનોલોજીમાં પ્રગતિ અને ભારતના અગ્રણી ગગનયાન મિશન સાથે આગળ વધવાના માર્ગ વિશે ચર્ચા કરી.

સંરક્ષણ મંત્રીએ ભારતીય અવકાશ કાર્યક્રમમાં ભારતીય વાયુસેનાની મહત્વપૂર્ણ ભૂમિકાનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે વાયુસેના ભારતીય અવકાશ સંશોધન સંગઠન - ISRO સાથે સહયોગમાં અવકાશયાત્રીઓની પસંદગી , તાલીમ અને મિશન સપોર્ટમાં સામેલ છે.

. . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . .

# REV. PAR- SINE DIE

લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવી છે. આ સાથે , ગયા મહિનાની ૨૧મી તારીખે શરૂ થયેલ સંસદનું ચોમાસુ સત્ર સમાપ્ત થયું છે. વિવિધ મુદ્દાઓ પર વિપક્ષી સાંસદો દ્વારા કરવામાં આવેલા વિક્ષેપોને કારણે સમયના બગાડ પર નારાજગી વ્યક્ત કરતા શ્રી બિરલાએ કહ્યું કે આ સત્રમાં ગૃહ માંડ ૩૭ કલાક પણ ચાલી શક્યું નથી.

રાજ્યસભામાં ઉપાધ્યક્ષે ચોમાસુ સત્ર દરમિયાન વિપક્ષના સાંસદો દ્વારા કરવામાં આવેલા વિક્ષેપ પર નારાજગી વ્યક્ત કરી. શ્રી હરિવંશે શૂન્ય કાળ ચલાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ મતદાર યાદીના ખાસ સઘન સુધારણાના મુદ્દા પર વિપક્ષના વિરોધને કારણે કાર્યવાહી થઈ શકી નહીં.ત્યારે ઉપાધ્યક્ષે ગૃહની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરી.

. . . . .

# REV JAISHANKAR RUSSIA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને રશિયન વિદેશ મંત્રીએ આજે મોસ્કોમાં તેમની મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય સંબંધોના સમગ્ર ક્ષેત્રની સમીક્ષા કરી. વાટાઘાટો પછી સંયુક્ત પત્રકાર પરિષદમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે બીજા વિશ્વયુદ્ધ પછી , ભારત અને રશિયા વચ્ચેના સંબંધો વિશ્વના તમામ દેશોમાં સૌથી મજબૂત રહ્યા છે.

બંને મંત્રીઓએ ભારતથી રશિયામાં નિકાસ વધારીને સંતુલિત અને ટકાઉ રીતે દ્વિપક્ષીય વેપારને વિસ્તૃત કરવાની સહિયારી મહત્વાકાંક્ષાને પુનઃપુષ્ટિ આપી. ડૉ. જયશંકરે કહ્યું કે આ માટે બિન-ટેરિફ અવરોધો અને નિયમનકારી અવરોધોને તાત્કાલિક દૂર કરવાની જરૂર છે. તેમણે ભાર મૂક્યો કે વેપાર અને રોકાણ દ્વારા ઊર્જા સહયોગ જાળવી રાખવો પણ મહત્વપૂર્ણ છે.

બંને મંત્રીઓએ આંતરરાષ્ટ્રીય ઉત્તર-દક્ષિણ પરિવહન કોરિડોર , ચેન્નાઈ-વ્લાદિવોસ્તોક પૂર્વીય સમુદ્ર કોરિડોર અને ઉત્તરીય સમુદ્ર માર્ગમાં સહયોગ સહિત કનેક્ટિવિટી પહેલો પર પણ ચર્ચા કરી. ડૉ. જયશંકરે કહ્યું કે આ કોરિડોરથી આર્થિક સંબંધોવધુ ગાઢ , પરિવહન સમયમાં ઘટાડો અને યુરેશિયા અને તેનાથી આગળ વેપારની પહોંચ વધારવામાં મદદ કરશે.

આતંકવાદ પર, બંને પક્ષોએ તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં સંયુક્ત રીતે તેની સામે લડવાનો સંકલ્પ કર્યો હતો.

. . . . . .

# EC-MEETING

ચૂંટણી પંચે આજે નવી દિલ્હીમાં જનતા દળના પ્રતિનિધિમંડળ સાથે બેઠક યોજી. મુખ્ય ચૂંટણી કમિશનરે આ બેઠક રાષ્ટ્રીય અને રાજ્ય રાજકીય પક્ષો સાથે ચૂંટણી પંચની ચાલી રહેલી વાતચીતના ભાગરૂપે યોજી હતી , જેનો ઉદ્દેશ રચનાત્મક ચર્ચાઓ દ્વારા ચૂંટણી પ્રક્રિયાને મજબૂત બનાવવાનો છે.

છેલ્લા એકસો પચાસ દિવસોમાં , પંચે દેશભરમાં ચાર હજાર સાતસોથી વધુ સર્વપક્ષીય બેઠકોનું આયોજન કર્યું છે, જેમાં 28 હજારથી વધુ પ્રતિનિધિઓને તેમના સૂચનો સાંભળવા માટે જોડવામાં આવ્યા છે.

. . . . .

# ASIAN SPORTS

કઝાખસ્તાનના શ્યામકેન્ટમાં એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં આજે ભારતીય પુરુષ એર રાઇફલ ટીમના અર્જુન બાબુતા , રુદ્રાંક પાટિલ અને કિરણ જાધવે પુરુષોની 10 મીટર એર રાઇફલમાં સુવર્ણ ચંદ્રક જીત્યો. ત્રણેય નિશાનેબાજે કુલ 1892.5નો સ્કોર કરીને ચીનના 1889.2 સ્કોરને હરાવ્યો, જે લી ઝિયાનહાઓ , લુ ડિંગકે અને વાંગ હોંગહાઓની ત્રિપુટી દ્વારા બનાવવામાં આવ્યો હતો.

દરમિયાન, માનસી રઘુવંશીએ સુવર્ણ ચંદ્રક જીત્યો, જ્યારે યશસ્વી રાઠોડે મહિલા જુનિયર સ્કીટ સ્પર્ધામાં ભારત માટે 1-2થી કાંસ્ય ચંદ્રક જીત્યો. માનસીએ ફાઇનલમાં 53નો સ્કોર કરીને વિજેતા બન્યો. જ્યારે યશસ્વીએ 52નો સ્કોર કરીને કઝાખસ્તાનનાં લિદિયા બશારોવા (૪૦) થી આગળ બીજા સ્થાને રહ્યાં..

. . .

# WEATHER-GUJRAT

ગુજરાતમાં વરસાદનું જોર ઓછું થયું છે, જોકે, જૂનાગઢ, ગીર સોમનાથ અને દેવભૂમિ દ્વારકા સહિત સૌરાષ્ટ્રના અનેક દરિયાકાંઠાના જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ હજુ પણ પ્રવર્તી રહી છે.

છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા મુશળધાર વરસાદને કારણે જૂનાગઢ , ગીર સોમનાથ અને પોરબંદરના ઘણા ગ્રામીણ વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. પૂરગ્રસ્ત જિલ્લાઓના 200 થી વધુ ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે.

8 રાજ્ય ધોરીમાર્ગો સહિત 390 થી વધુ રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યા છે.

. . .

# NHAI-TOLL PLAZA

નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા ( NHAI) એ સ્પષ્ટતા કરી છે કે દેશભરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને રાષ્ટ્રીય ધોરીમાર્ગો એક્સપ્રેસવે પરના ટોલ પ્લાઝા પર દ્વિચક્રી વાહનો પાસેથી કોઈ યુઝર ફી વસૂલવામાં આવતી નથી.

એક નિવેદનમાં, રોડ ટ્રાન્સપોર્ટ અને હાઇવે મંત્રાલયે જણાવ્યું હતું કે ટોલ પ્લાઝા પર ટુ-વ્હીલર વાહનો પાસેથી ટોલ વસૂલાત અંગે સોશિયલ મીડિયા પર ફરતા ખોટા સમાચાર પર સ્પષ્ટતા આપવામાં આવી છે.

. .

# IMRAN KHAN-BAIL

પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે આજે હિંસા સંબંધિત આઠ કેસોમાં પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફ પાર્ટીના વડા ઇમરાન ખાનને જામીન આપ્યા છે. ઇમરાન ખાન પર 2023 ના રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનો અને સરકારી અને લશ્કરી સ્થાપનો પર હુમલા સંબંધિત કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ યાહ્યા આફ્રિદીની આગેવાની હેઠળની ત્રણ સભ્યોની બેન્ચે જામીન અરજીઓની સુનાવણી કરતી વખતે આ ચુકાદો આપ્યો હતો.પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફે સોશિયલ મીડિયા પોસ્ટમાં સુપ્રીમ કોર્ટના નિર્ણયનું સ્વાગત કરતાં તેને ઇમરાન ખાન માટે વિજય ગણાવ્યો છે.

. .